# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-08-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'વોકલ ફોર લોકલ' પર ભાર મૂકતા લોકોને ભારતમાં બનેલા ઉત્પાદનો પર વિશ્વાસ કરવા અને ખરીદવા વિનંતી કરી. ગઈકાલે નવી દિલ્હીમાં 11 હજાર કરોડ રૂપિયાના બે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું કે દેશને મજબૂત બનાવવા અને તેને આત્મનિર્ભર બનાવવા માટે, આપણે ચરખાધારી મોહન દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે આગામી પેઢીના GST સુધારાઓ દેશવાસીઓને બેવડા લાભ લાવશે.

શ્રી મોદીએ કહ્યું કે તેમની સરકાર માટે, સુધારાનો અર્થ સુશાસનનો વિસ્તરણ છે. તેમણે કહ્યું કે તેમની સરકારનો સતત પ્રયાસ લોકોના જીવનને સરળ બનાવવાનો છે. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે આ ધ્યેય દરેક નીતિ અને દરેક નિર્ણયને માર્ગદર્શન આપે છે.

-----------------------------------------------------------------------------------------------

## ઉપરાષ્ટ્રપતિ પદના NDAના ઉમેદવાર સી.પી.રાધાકૃષ્ણન:

મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર હશે. ગઈકાલે યોજાયેલી ભાજપ સંસદીય પક્ષની બેઠકમાં તેમના નામ પર સંમતિ સધાઈ હતી. પત્રકાર પરિષદમાં તેમના નામની જાહેરાત કરાઈ હતી.

બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. રાધાકૃષ્ણન 21 ઓગસ્ટે પોતાનું નામાંકન દાખલ કરશે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે મતદાન 9 સપ્ટેમ્બરે થશે. મતગણતરી પણ તે જ દિવસે થશે. ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 21 ઓગસ્ટ છે. 25 ઓગસ્ટ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકાય છે.

---------------------------------------------------------------------------------------------------

## CM-આધ્યાત્મિક વર્ષાયોગ-2025:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલે અમદાવાદ આધ્યાત્મિક વર્ષાયોગ 2025માં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ ભારતની પ્રાચીન ભાષા એવી પ્રાકૃત ભાષાના ગ્રંથનું વિમોચન કર્યું હતું અને પ્રાકૃત ભાષાના જ્ઞાની આચાર્ય સુનિલ સાગરજીને પ્રાકૃત પ્રભાકરની વિશિષ્ટ ઉપાધિ એનાયત કરી તેમનું સન્માન કર્યું હતું.

પ્રાકૃત ભાષાને નેશનલ ક્લાસિક્લ લેંગ્વેજ જાહેર કરીને પ્રાકૃત ભાષા નું ઉચિત ગૌરવ થયું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## સાતમ-આઠમના તહેવારોમાં યાત્રા અને પ્રવાસન ધામો પર પ્રવાસીઓ ઉમટ્યા :

જિલ્લામાં સાતમ-આઠમના તહેવાર નિમિત્તે યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ ભક્તિભાવનો માહોલ જોવા મળ્યો હતો. ધોળાવીરા, ખાવડા, નારાયણ સરોવર, માતાનુ મઢ, કોટેશ્વર,માંડવી સહિતના સ્થળોએ પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

માંડવી બીચ પર છેલ્લા ત્રણ દિવસથી પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો. વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. નારાયણ સરોવર ખાતે પણ યાત્રાળુઓની મોટી સંખ્યા નોંધાઈ હતી.

નારાયણ સરોવર, કોટેશ્વર,માતાના મઢ ખાતે મંદિરોમાં ભક્તોએ દર્શન સાથે વિશેષ પૂજા-અર્ચના કરી. આ ધસારાને કારણે સ્થાનિક વેપારીઓ, રેસ્ટોરન્ટ-હોટલ માલિકો અને

પરિવહન વ્યવસાયીઓને સારો એવો વેપાર મળ્યો હોવાનું જણાવાયુ છે. તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા સલામતી અને વ્યવસ્થા જાળવવા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

---

## માંડવી રાત્રિ મેળાનો પ્રારંભ:

માંડવી નગરપાલિકા દ્વારા આયોજિત શ્રાવણ વદ નોમ દશમના રાત્રી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગૌરવ પથ પર પંડિત દીન દયાળ ઉપાધ્યાય ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ રાત્રી લોકમેળાને ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે નગરપાલિકાના અધ્યક્ષ હરેશ વિંઝોડા, નગરસેવકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પહેલા અને ઉદ્ઘાટન બાદ જોરદાર વરસાદ પડ્યો. પરિણામે ખાણી પીણીના સ્ટોલ ધારકો સહિતના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

---

## શ્રાવણ માસનો અંતિમ સોમવાર:

આજે શ્રાવણ માસનો અંતિમ સોમવાર અને આવતીકાલ મંગળવારે અંતિમ એકાદશીનો સુભગ સમન્વય થતાં ભાવિકોમાં ઉત્સાહ બેવડાયો છે. બન્ને દિવસ વિવિધ ધાર્મિક સામાજિક પ્રવૃતિઓ થી વાતાવરણ ગાજતું રહેશે ભુજ અને અન્ય સ્થળોએ નાના મોટા મેળા ભરાશે.

---

## વરસાદ:

રાજ્ય પર સર્જાયેલી ચાર અલગ-અલગ વરસાદી સિસ્ટમના પ્રભાવથી એકાદ જન્માષ્ટમી પર્વથી મેઘસવારીનું પુનરાગમન થયું છે. જિલ્લામાં ઝાપટાંથી લઇ બે ઇંચ જેટલો વરસાદ વરસતાં મોલને જીવતદાન મળ્યું છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી મોટાભાગનાં

સ્થળે મધ્યમથી ભારે તો 20-21 તારીખ આસપાસ છૂટાછવાયા સ્થળે ભારેથી અતિભારે વરસાદ માટેનું યલો અને ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

જીલ્લામાં છુટા છવાયા વરસાદના દોર વચ્ચે ગઈકાલે પણ માંડવી, મુંદરા, અંજાર, રાપર અને અબડાસા તાલુકામાં વરસાદ વરસ્યો હતો.જીલ્લા કંન્ટ્રોલરૂમ પરથી મળેલી માહિતી અનુસાર વીતી ગયેલા 24 કલાકમાં અબડાસા તાલુકામાં સૌથી વધુ વધુ 58 મિલી મીટર, નખત્રાણા 27, માંડવી 21, મુંદરા 12 , લખપત 6 મિલીમીટર જયારે ભુજમાં 1 મિલીમીટર વરસાદ નોંધાયો હતો.

વરસેલા વરસાદથી ખેતરોમાં વાવેતર કરાયેલા રામમોલને જીવતદાન મળ્યું છે. સીમાડામાં ઘાસચારા માટે ફાયદાકારક વરસાદથી ખેડૂત-માલધારીવર્ગમાં આનંદની લાગણી ફેલાઇ છે.

--------------------------------------------------------------------------------------------